

## સ્મરણરેખ

સંપાદક : હર્ષદ ત્રિવેદી

ગુજરાત સાહિત્ય અકાદમી (ગાંધીનગર)

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૭, કિંમત : રૂ. ૧૨૦, પાનાં : ૨૮૦

ગુજરાતી સર્જકો વિશે સર્જકોએ આલેખેલાં સંસ્મરણોનો સંગ્રહ.

શબ્દ સંગાથે જ નાળસંબંધ હોવાથી બહુ સ્વાભાવિક છે કે શબ્દસેવીઓ ને શબ્દસ્વામીઓ જોડે આપણો નાતો ભાવનાગત અને પરંપરાગત બંને રીતે રહેવાનો. સાચો શબ્દ અમર્ત્ય, અ-વિનાશી ને શાશ્વત હોય છે એ ન્યાયે જેની પણ ચેતના આપણી આસપાસ, ઉપરનીચે શબ્દરૂપે વિલસી રહી છે એ હર કોઇ, હર કાળે આપણાં આત્મીયજનો હોવાનાં. એમાં વેદ વ્યાસથી માંડીને હજી હમણાં જેણે સહી તત્ત્વરૂપ શબ્દ પાડ્યો છે એનો પણ આપોઆપ સમાવેશ થઇ જાય. કેટલાકને સ-દેહે નિહાળ્યા-સાંભળ્યાની ઉત્તમ ક્ષણોમાં જન્મ્યું-જીવ્યું સાર્થક લાગ્યું છે તો કેટલાકને શબ્દદેહે જ પામવાની ધન્ય પળોમાં સાર્થકતાનો મતલબ અન્ય નથી લાગ્યો. એવે ટાણે પુરોગામી કે અનુગામી, આ ભાષાના કે તે ભાષાના એવું કંઇક ચીંધી બતાવતાં સમયનાં તમામ સ્થૂળ બંધનો સરી પડ્યાં છે ને તમામેતમામ શબ્દ સંબંધીઓને એક જ અવસરે ભેળા મળતા અનુભવ્યાં છે. એ અર્થમાં આ પ્રસંગને આપણે સારસ્વતોનો સમૈયો કહી શકીએ.

## સ્મૃતિઓનું શાંતિનિકેતન



અમૃતલાલ વેગડ

આર.આર. શેઠની કંપની

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૫, કિંમત : રૂ. ૧૧૦, પાનાં : ૧૭૪

*લેખકનાં શાંતિનિકેતનના વિદ્યાર્થી તરીકેનાં સંભારણાં*

ઍબસ્ટ્રેક્ટ આર્ટની સામે મારી એક ફરિયાદ છે. ઍબસ્ટ્રેક્ટ આર્ટ અમે પણ કરીએ છીએ, પણ મનમાં. અમે વિચારીએ ઍબસ્ટ્રેક્ટ; પણ એને રૂપ આપી કૉન્ક્રીટ. હું જ્યારે ઊભી લીટી દોરું છું, ત્યારે તમે નથી કહી શકતા કે આ ખજૂરનું ઝાડ છે કે તાડનું. પરંતુ જેવાં ડાળ-પાંદડાં-ફળ આપીશ કે તમે તરત સમજી જશો. સીધી લીટ એ ઝાડનું ઍબસ્ટ્રેક્ટ રૂપ છે, પરંતુ એ કંઇ બહાર બતાવવાની ચીજ નથી. એ કલાકારના મનમાં રહેશે. મારો વાંધો એ છે કે પ્રગટ ન કરવાની વાતને પ્રગટ કરવામાં આવી રહી છે. કંકાલને દેહનું નામ આપવામાં આવી રહ્યું છે. આર્મેચરને મૂર્તિનું નામ આપવું મને તો ઠીક નથી લાગતું.

## શબ્દઠઠ્ઠા



રજનીકુમાર પંડ્યા

રન્નાદે પ્રકાશન

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૩ , કિંમત : રૂ. ૯૦, પાનાં : ૧૬૪

*મુંબઇગરા કાઠિયાવાડીની બોલીમાં,*
*માનવપ્રકૃતિની વિસંગતિઓને રમૂજના ઝબકારે*
*ચમકાવતા હાસ્યલેખો*

કવિ 'બેચેન' બપોરવી બપોરના બે પહેલાં કદી જાગતા નહીં, ને રાતના આઠથી મોડું કદી સૂતા નહીં. તેમની શારીરિક વય સાઠની હોવા છતાં વિવેચકો તેમની ઉંમર બાવીસની આંકતા. હાસ્તો, ઊંઘના કલાકો તો મજરે મળે ને. પણ બાવીસ વરસના કવનમાં ઇતર કાવ્યરમ્ય પ્રવૃત્તિઓ બાદ કરતાં તેમનું નેટ કવન સાતેક વરસનું ગણાય, જે દરમ્યાન તેમણે ત્રણેક વર્ષ શાળાકીય અભ્યાસમાં ગાળેલાં. એટલે નેટમનેટ ચાર વર્ષનું કવન. એટલા ગાળામાં તેમણે કાવ્યોનું વિપુલ સર્જન કર્યું. આઠ દીવાન બહાર પાડ્યા, જેમાં છેલ્લો દીવાન બેરોજગારી પરનો સુવાંગ હતો- તે સૌથી હૃદયવિદારક ગણાયો. તેમાં ધરતીની સોડમ બહુ નજીકથી અનુભવાતી હતી. કારણ કે, પોતાની ખોદાનારી કબર પાસે બેસીને તેઓ લખતા. કારણ કે, લખતાં લખતાં ક્યારે ઢળી પડાય, તે ક્યાં નક્કી હતું?

## શિયાળાની સવારનો તડકો

વાડીલાલ ડગલી

આર.આર. શેઠની કંપની

પહેલી આવૃત્તિ : ૧૯૭૫, કિંમત : રૂ. ૨૨, પાનાં : ૨૦૮

ચિંતનાત્મક નિબંધો. અર્થશાસ્ત્રના મોટા અભ્યાસી, 'કૉમર્સ' સાપ્તાહિકના દિવંગત તંત્રી, સીમાચિહ્નરૂપ સંદર્ભ-પુસ્તક શ્રેણી પરિચય પુસ્તિકાના એક સ્થાપક અને લેખક વાડીલાલ ડગલીના ૩૬ નિબંધોમાં સ્વસ્થ, સ્પષ્ટ અને મૌલિક વિચારો વાંચવા મળે છે. વિષયોની વિવિધતા, ભાષાનો ઉઘાડ, પારદર્શક શૈલી અને ભાર વિનાના મનનમાં વાચકને સાથે લઇને ચાલતા આ નિબંધો શિયાળાની સવારના તડકા જેવા પ્રાણવાન અને સ્ફૂર્તિદાયક છે. 'ચપટીક ઉમેરનારા', 'મનની ઉઘાડી બારી', 'બૌદ્ધિકની શોધમાં', 'લાઇબ્રેરીમાં', 'વિચારપત્રો' 'સાંસ્કૃતિક પ્રતીકો' જેવા નિબંધો અત્યારના ગુજરાતમાં વિશેષ પ્રસ્તુત છે.



## શેરખાન

વિજયગુપ્ત મૌર્ય

યુરેનસ બૂક્સ

ત્રીજી આવૃત્તિ : એપ્રિલ, ૧૯૯૫, કિંમત : રૂ. ૪૦, પાનાં : ૧૭૪

*શેરખાન નામના વાઘને હીરો બનાવી બાળકોને વન્યજીવનનો પરિચય કરાવતી પશુકથા*

આ બધું આંખના પલકારામાં બની ગયું. વાઘણ પાછી દોડીને ઝાડીમાં ભરાઇ ગઇ. તે ઉશ્કેરાટથી ધ્રુજતી હતી. તે વિચારવા લાગી : આ મેં શું કરી નાખ્યું? માણસ ભયંકર પ્રાણી છે. બધાં પશુ ચાર પગ પર ચાલે છે ત્યારે માણસ બે પગ પર ચાલે છે. જંગલના બધાં પશુ તેનાથી ડરે છે. હિંસક પશુઓ પણ માણસને પોતાનો શિકાર નથી ગણતા - તો પછી મેં આ શું કર્યું? મેં તેને કેમ મારી નાખ્યો? હવે શું થશે?

માણસથી ડરવાના તેના વંશપરંપરાગત સંસ્કાર એને મૂંઝવવા લાગ્યા, પણ વળી તેને બીજો વિચાર આવ્યો : માણસ જો બહુ બળવાન અને સમર્થ હોય તો આ માણસ આટલી સહેલાઇથી કેમ મરી ગયો? તેણે ન સામનો કર્યો, ન શક્તિ બતાવી. શું માણસનો શિકાર કરવો એ આટલું બધું સહેલું છે?

હા, જંગલી પ્રાણીની સરખામણીમાં માણસ કેવો નિર્માલ્ય છે! આપણે મચ્છરને મારીએ એટલી સહેલાઇથી વાઘણે કઠિયારાને મારી નાખ્યો! માણસ ઝડપથી દોડી પણ શકતો નથી. સામનો કરવા માટે માણસને રાક્ષસી દાંત નથી! તેના શરીર પર જાડું ચામડું પણ નથી! કેવું મુલાયમ શરીર, કેવી પાતળી ચામડી, કેવું કૂણું માંસ અને કેવાં કોમળ હાડકાં...